**:: ક્રિ.કે.નં.૧૧૦૮૪/૧૮ ::**

**–: આંક–૧ નીચે હુકમ :–**

ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીઓએ કસ્ટમ એક્ટની કલમ ૧૩૫ મુજબનો ગુનો કરેલ છે. આરોપી નં.ર પક્ષે **કમ્પાઉન્ડીગનો હુકમ થઈ ગયેલ હોય અને પેમેન્ટ ભરી દીધેલ હોય તેના હુકમ ઉપર** આધાર રાખી દલીલો કરી જણાવેલ છે કે, જ્યારે કમ્પાઉન્ડીગમાં ભરવાપાત્ર રકમ ભરી સેટલમેન્ટ કરવામાં આવેલ હોય ત્યારે કોઈ ગુનો અસ્તિવમાં રહેતો નથી અને આથી ફરીયાદપક્ષને મળેલ કોઝ ઓફ એકશનનો અંત આવે છે અને ત્યારે કેસ વિડ્રો થવા પાત્ર રહે છે જેથી આરોપી નં.ર સામેની ફરીયાદ રદ કરવા દલીલો કરેલ છે. દલીલોના સમર્થનમાં પેમેન્ટ ભરેલાની રીસીપ્ટ **(ચલણ નં.૧૯૫૨૯)** તથા **કમ્પાઉન્ડીગ ઓફીસ ઓર્ડર નં.૦૩/૨૦૨૫–૨૬, F.No.CCCO/LGL/ COMP/15/2025-LEGAL, Dt.22 / 12 / 2025** રજુ કરેલ છે. વધુમાં, ફરીયાદપક્ષે કોઈ ગુનો અસ્તિત્વમાં રહેતો નહી હોવાની હકીકત પરત્વે વાંધો લીધેલ નથી. સદર કામે આરોપી નં.૧ સામેનો કેસ ફરિયાદપક્ષ દ્વારા વિડ્રો કરવામાં આવેલ છે. જેથી સદર કેસ ઉપરોકત હકીકતોએ ફેંસલ કરવાપાત્ર જણાઈ આવતો હોય નીચે મુજબનો ન્યાયિક હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આ કામે ઉપરોકત હકીકતોએ કંમ્પાઉન્ડીંગનાં હુકમ મુજબ હાલનો કેસ માંડવાળથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

જો હાયર ફોરમ કે હાયર સત્તાધિકારી દ્વારા કંમ્પાઉન્ડીંગમાં થયેલ હુકમ રદ કરવામાં આવે તો સદર ફરીયાદપક્ષને સદર ફરીયાદ રીસ્ટોર કરાવવાને આ હુકમથી બાધ આવશે નહી.

હુકમ આજરોજ સ્પે.સીટીંગ/ લો.અ.માં વાંચી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬.
(સ્પે.સીટીંગ–લોક અદાલત)

**(ડી.એચ.ખંભાતી)**
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ(સીટી),(જી.જે.૦૦૮૬૬)